# રામાયણ રંગોળી

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરી ખાતે સુરત શહેર સ્થિત અલ્પના ગૃપનાં 14 કલાકારો દ્વારા રામાયણ મહાકાવ્ય આધારિત 85 ચિત્રો ઉપર તા. 18/09/2017 થી તા. 28/09/2017 સુધી (11 દિવસ) રંગોળી બનાવવાની કામગીરી ચાલવાની છે. આ વિષય આધારિત રંગોળી અન્ય ક્યાંય પણ બની હોવાના પ્રમાણ હાલ સુધી ઉપલબ્ધ ના હોય, સદર રંગોળી કામગીરી પૂર્ણ થયેથી રેકોર્ડ બનવાની શક્યતા રહેલી છે. જે માટે થનાર કામગીરીનું પ્રેસ કવરેજ કરાવવા ફક્ત સુરત શહેરના મિડિયાકર્મીઓને થતી કામગીરીનું નિદર્શન કરાવવા તથા બહોળા પ્રમાણમાં કવરેજ મળે તે હેતુથી ફક્ત તા. 19/09/2017ના રોજ બપોરે 3-00 થી 4-00 કલાક સુધી મિડિયાકર્મીઓ માટે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે. જાહેર જનતા માટે સદર રંગોળીની કામગીરી પૂર્ણ થયેથી મા. મેયરશ્રીના વરદ્ હસ્તે ઉદ્ ઘાટન કર્યા બાદ ખુલ્લુ મુકવામાં આવશે.

૫૩૯

# :: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે યોજાયેલ સુ.મ.પા.ની ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનો સમાપન અને ઈનામ વિતરણ સમારોહ

સુરત શહેરના નવોદિત કલાકારોને પ્લેટફોર્મ મળે અને શહેરના નગરજનોને નવા નાટકો માણવા મળે તેવા ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૧૯૬૯થી નાટ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૪૫ વર્ષથી સફળતાપૂર્વક યોજવામાં આવતી આ નાટ્ય સ્પર્ધાને સુરતને ગૌરવ અપાવનારા રંગમંચના મહાન અદાકાર સ્વ.સંજીવકુમારની સ્મૃતિમાં "સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા" નામ આપવામાં આવ્યું છે. સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા કુલ ૨૧ નાટ્ય સંસ્થાઓએ અરજી ફોર્મ ભર્યા હતા. નાટ્ય સ્પર્ધામાં વધુને વધુ ઉત્કૃષ્ઠ નાટકો ભજવાય તે હેતુસર તા.૧૧ થી ૧૩ ઓગષ્ટ–૨૦૧૭ દરમ્યાન પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે યોજવામાં આવેલ નાટકોની સ્ક્રુટિનીમાં એક નાટ્ય સંસ્થા ગેરહાજર રહેતાં ૨૦માંથી ફાઈનલ ભજવણી માટે પસંદગી પામેલ ૧૦ નાટ્ય સંસ્થાઓના નાટકો તા.૦૭/૦૯/૨૦૧૭ થી તા.૧૬/૦૯/૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે ભજવાયા હતા.

રંગભૂમિને સક્રિય અને જીવંત રાખવાના ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રતિવર્ષ યોજાતી આ નાટ્ય સ્પર્ધાનો શુભારંભ તા.૦૭/૦૯/૨૦૧૭ના રોજ શહેરના પ્રથમ નાગરિક એવા માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટ્યથી થયો હતો. પ્રથમ દિવસે પી. પી. એન્ડ ગૃપનું રવિન્દ્ર પારેખ લિખિત અને સમીર મઢવી તથા કૃણાલ પારેખ દિગ્દર્શિત રહસ્યમય 'બુલેટપ્રુફ' નાટકે દર્શકોને અંત સુધી જકડી રાખ્યા હતા. પ્રા.જયોતિ વૈદ્યને મૌન શ્રધ્ધાંજલિ સાથે રજુ થયેલ નાટ્ય સ્પર્ધાનું બીજું નાટક સ્વ.પ્રા.જયોતિ વૈદ્ય લિખિત અને ડો.પદ્મેશ પંડિત દિગ્દર્શિત પરમ સંસ્થાના 'મસ્તરામ' નાટકે દર્શકોને દરેક ભાવમાં રસતરબોળ કર્યા. માનવ કોલ લિખિત તથા નિરજ કંસારા રૂપાંતરિત તથા વત્સલ શેઠ અને મિહિર પાઠક દિગ્દર્શિત એક્ષપ્રેસન સંસ્થાનું વૃધ્ધાશ્રમમાં રહેતા, માન્યતાઓ અને અભિપ્રાયની કેદમાં ભીડાયેલ અને એકલતામાં જીવી રહેલ વ્યકિતઓની વેદના દર્શાવતું 'બલી અને શંભુ' સ્પર્ધાના ત્રીજા નાટકને નાટ્યપ્રેમીઓએ માણ્યું. ફોરમ આર્ટ સંસ્થાનું વૈભવ દેસાઈ દિગ્દર્શીત અને વિલોપન દેસાઈ લિખિત સ્પર્ધાનું ચોથું 'અનન્યા' નાટકમાં પિતા–પુત્રીની પ્રેમ વર્ષામાં દર્શકોએ લાગણીનાં વહેણમાં તણાઈ આંખો ભીની કરી. પાંચમું પંકજ પાઠકજી દિગ્દર્શીત અને પ્રવિણ સોલંકી લિખિત 'ખેલ ખેલમાં અગન ખેલ' નાટકની મર્ડર મિસ્ટ્રીને કોમેડી સાથે પ્રેક્ષકોએ માણી. ૧૨મી નવેમ્બરે રજુ થયેલ સ્પર્ધાના છટ્ઠા નાટક રાષ્ટ્રીય કલા કેન્દ્રનું પ્રવિણ સોલંકી લિખિત અને મેહુલ શર્મા દિગ્દર્શિત રહસ્યમય નાટક 'બંધ હોઠોની વાત'ની માયાજાળમાં દર્શકો જકડાયા. ૧૩મી નવેમ્બરે બેક સ્ટેજ પ્રોડકશનના રઈશ મણિયાર લિખિત અને અભિષેક કર્ણિક દિગ્દર્શિત કોમેડી નાટક 'ઓનલાઈન છું કારણ કે આઉટલાઈન છું'એ હાસ્યરસથી દર્શકોને હળવાફુલ કર્યા. સ્પર્ધાના આઠમા નાટક સિલ્યુએટ થિયેટરના રઈશ મણિયાર લિખિત અને દેવાંગ જાગીરદાર દિગ્દર્શિત 'સાત સમંદર સહુની અંદર"એ સંગીત અને પ્રકાશના સમન્વયથી દરિયાઈ મોજા, પવનના સુસવાટા સાથે સહુને દરિયાઈ સફર કરાવી. ૧૫મી નવેમ્બરે ખયાલ થિયેટરનું શૈલેન્દ્ર વડનેરે લિખિત અને દિગ્દર્શિત નાટક 'એ નથી' એ સ્વની ઓળખયાત્રા કરાવી. સ્પર્ધાનું છેલ્લું નાટક ઈમ્તીયાઝ પટેલ લિખિત અને રણધીરસિંહ દિગ્દર્શિત નવવધુ અને ઘરના વડીલોના સંસ્કારોની વાતોને હાસ્ય સ્વરૂપે ભજવાયેલ નાટક 'જીવવું તો જલસાથી'એ નાટક પ્રેમીઓને ખડખડાટ હસાવ્યા. ૭ થી ૧૬ નવેમ્બર સળંગ ૧૦ દિવસ સુધી સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે શહેરના કલાકારોએ અભિનયના ઓજસ પાથરી શહેરની નાટ્ય રસિક નગરજનોને નવરસથી તરબોળ કર્યા. સ્પર્ધાના અંતિમ નાટકના શો બાદ નીચે મુજબ જાહેર

થયેલા વિજેતાઓનો ઈનામ વિતરણ સમારંભ યોજાયો હતો. નિર્ણાયકોએ સુરતની નાટ્ય સંસ્થાઓને અભિનંદન પાઠવી મુંબઈના કલ્ચર તરફ નાટકને ન લઈ જવા તથા નાટકોનું સ્તર વધે તે માટે વધુ મહેનત કરવા નાટ્ય સંસ્થાઓને અપીલ કરી હતી. નાટ્ય સ્પર્ધાના વિવિધ કેટેગરીમાં ૨૯ વિજેતાઓને મા.મેયર શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, આસી.કમિશનરશ્રી કમલેશભાઈ નાયક તથા સંજીવકુમાર ફાઉન્ડેશનના પ્રમુખશ્રી ઉદયભાઈ અને નિર્ણાયકશ્રી પ્રો.સોમેશ્વર ગોહેલ(અમદાવાદ), પ્રો.હરીશભાઈ વ્યાસ(વડોદરા) અને શ્રી અજયકુમાર વ્રજલાલ વ્યાસ(વડોદરા)ના હસ્તે વિજેતા પ્રમાણપત્ર, ટ્રોફી તથા રોકડ પુરસ્કાર એનાયત કરી પુરસ્કૃતિ કરવામાં આવ્યા હતા. સુરત મહાનગરપાલિકાની ૪૫મી અને ૩જી 'સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં ભજવણીના ખર્ચ પટે ₹ ૧૮,૦૦૦/– લેખે ૧૦ નાટ્ય સંસ્થાઓને ₹ ૧,૮૦,૦૦૦/– સુરત મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવ્યા હતા. સંજીવકુમાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વિવિધ કેટેગરીમાં ૨૯ વિજેતાઓને ₹ ૪૨,૪૦૦/– રોકડ ઈનામ, તેમજ પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા.

## :: સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૫મી અને ૩જી "સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"નું પરિણામ ::

| ક્રમ | ઈનામ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | કલાકારનું નામ | નાટકના પાત્ર |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રેષ્ઠ બાળ કલાકાર | ફોરમ આર્ટસ | અનન્યા | નાની અનન્યા | દેવશ્રી પંચાલ |

| | | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|---|
| ૨ | શ્રેષ્ઠ દ્રશ્ય પરિકલ્પના | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર |
| ૩ | શ્રેષ્ઠ સંગીત | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર |
| ૪ | શ્રેષ્ઠ સ્ક્રીપ્ટ | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર |
| ૫ | બેસ્ટ થીમ | પ.ર.મ | મસ્તરામ |
| ૬ | શ્રેષ્ઠ પ્રકાશ આયોજન | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર |

| | | | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | નાટકના પાત્ર | કલાકારનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૭ | શ્રેષ્ઠ સ્ત્રી અભિનય | → | એક્ષપ્રેસન ગૃપ | બલી અને શંભુ | બુલ બુલ | જુહી પાઠક |
| | | → | ફોરમ આર્ટસ | અનન્યા | મોટી અનન્યા | ખ્યાતિ દલાલ |
| | | → | ફોરમ આર્ટસ | અનન્યા | મંજુ માસી | હિમાલી પાનવાલા |
| | | → | અભિનવ | ખેલ ખેલમાં "અગનખેલ" | પ્રિયંકા ભારદ્વાજ | સિમરન અરોરા |
| | | → | બેકસ્ટેજ પ્રોડકશન, સુરત | ONLINE છું કારણ કે OUTLINE છું | કામિની | મીનલ સેલર |
| | | → | ખયાલ થિયેટર | 'એ' નથી | જીવકોરબા | રંજના પટેલ |
| | | → | પી. પી. એન્ડ ગૃપ | બુલેટ પ્રુફ | અંજની | નીતુ ભવર |
| | | → | બી. આર. પ્રોડકશનસ | જીવવું તો જલસાથી | માયાબેન | રીયા શાહ |
| ૮ | સર્વ શ્રેષ્ઠ સ્ત્રી અભિનય | | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર | સુવર્ણાદેવી/સુપ્રિયા દેવી | શ્રીયા તિવારી |
| ૯ | શ્રેષ્ઠ પુરૂષ અભિનય | → | પી. પી. એન્ડ ગૃપ | બુલેટ પ્રુફ | એચ.કે.મલહોત્રા | સમીર મઢવી |
| | | → | પ.ર.મ | મસ્તરામ | પરિતોષ દિવાન | મેઘ પંડિત |
| | | → | એક્ષપ્રેસન ગૃપ | બલી અને શંભુ | શંભુ | વત્સલ શેઠ |
| | | → | એક્ષપ્રેસન ગૃપ | બલી અને શંભુ | બલી | મિહિર પાઠક |
| | | → | અભિનવ | ખેલ ખેલમાં "અગનખેલ" | જય કાપડીયા | યજત્ર ભટ્ટ |
| | | → | બેકસ્ટેજ પ્રોડકશન, સુરત | ONLINE છું કારણ કે OUTLINE છું | ધનશંકર | અભિષેક કર્ણિક |
| | | → | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર | પ્રિન્સ | હેમંત ફોક |
| ૧૦ | સર્વશ્રેષ્ઠ પુરૂષ | | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર | ડો.પારસનાથ | દેવાંગ જાગીરદાર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | અભિનય | | | | |
| | | નાટ્ય સંસ્થાનું નામ | | નાટકનું નામ | દિગ્દર્શકનું નામ |
| ૧૧ | શ્રેષ્ઠ દિગ્દર્શક | પ્રથમ | સીલ્યુએટ થીએટર્સ | સાત સમંદર સહુની અંદર | દેવાંગ જાગીરદાર |
| | | દ્વિતીય | એક્ષપ્રેસન ગૃપ | બલી અને શંભુ | વત્સલ શેઠ |
| ૧૨ | **વિજેતા** | **નાટ્ય સંસ્થાનું નામ** | | **નાટકનું નામ** | |
| | પ્રથમ | સીલ્યુએટ થીએટર્સ | | સાત સમંદર સહુની અંદર | |
| | દ્વિતીય | એક્ષપ્રેસન ગૃપ | | બલી અને શંભુ | |
| | તૃતીય | પ.ર.મ | | મસ્તરામ | |
| | ચતુર્થ | બેકસ્ટેજ પ્રોડકશન, સુરત | | ONLINE છું કારણ કે OUTLINE છું | |




તા.૭ થી ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમ્યાન સરદાર પટેલ સ્મૃતિ ભવન ખાતે સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૫મી અને ત્રીજી સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કરતા માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષ શ્રીમતી રૂપલબેન શાહ, આસી.મ્યુનિ.કમિશનરશ્રી કમલેશભાઈ નાયક, સંજીવકુમાર ફાઉન્ડેશનના પ્રમુખશ્રી ઉદયભાઈ તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન છે.

# <u>પ્રેસનોટ</u>
# પૂર્વ ઝોન (વરાછા)
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના મા.કમિશ્નરશ્રી, મા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિ.) એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)પૂર્વઝોન(વરાછા) અને મા.આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ પૂર્વઝોન(વરાછા) ખાતે તા.૧૮/૦૯/૧૭ ના રોજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી તથા મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી અને આરોગ્ય નિરીક્ષકની સીધી દેખરેખ હેઠળ આરોગ્યલક્ષી આકસ્મિક ચકાસણી ઝુંબેશ રાખવામાં આવેલ. જેમાં બરોડા પ્રીસ્ટેજ વરાછા મેઈન રોડ વિસ્તારમાં આવેલ શેરડીના રસની દુકાન "ભગવતી રસ" તથા " સ્વામી રસ સેન્ટર " દુકાનમાં તથા ગોડાઉનમાં ચેકીંગ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં ગંદકી અને માખીઓનો ઉપદ્રવ જોવા મળેલ. તેમજ સદર સંસ્થાઓને અગાઉ વાંરવાર તાકીદ કરવા છતા જાહેર જનતાને ડીસ્પોઝેબલ ગ્લાસનો વપરાશ કરવાને બદલે કાચના ગ્લાસનો ઉપયોગ કરતા જોવા મળેલ. સદર બંન્ને સંસ્થાઓને આરોગ્યલક્ષી ક્ષતી બદલ ૯૦ નંગ કાચના ગ્લાસ જપ્ત કરી તેનો નાશ કરવામાં આવેલ છે. તેમજ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર રૂપિયા પૂરા) પરચુરણ વહિવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **બંન્ને સંસ્થા તેમની દુકાન તથા ગોડાઉનમાં ગંદકી દુર કરી સ્વચ્છતા ન જાળવે ત્યા સુધી બંધ કરવામાં આવેલ છે.**

વધુમાં, બરોડા બજારની અંદરની ગલીઓમાં પાણીપુરીની લારીઓ ચેક કરી ૦૪ ઈસમો પાસેથી **૮૦ લીટર અખાદ્ય પાણી તથા ૪૦ કિ.ગ્રા. અખાદ્ય બટેટાનો નાશ કરી** રૂા.૨૦૦૦/- વહિવટી પરચુરણ ખર્ચ પેટે વસુલ કરવામાં આવેલ છે.

સમગ્ર ઝુંબેશ દરમ્યાન **કુલ ૦૬ ઈસમો પાસેથી રૂા.૧૨૦૦૦/-** (કુલ રૂપિયા બાર હજાર પૂરા) વહિવટી પરચુરણ ખર્ચ પેટે વસુલ કરવામાં આવેલ છે.

૫૪૧

:: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી નિમિત્તે તા.૨૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૭ દરમ્યાન કૃષ્ણકુંજ(અઠવા) પાર્ટીપ્લોટ, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં યોજાનાર વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગરબા સ્પર્ધાઓ

સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રિ પર્વોત્સવ ઉજવણી નિમિત્તે તા.૨૧/૦૯/૨૦૧૭ થી ૩૦/૦૯/૨૦૧૭ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઇન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલની સાથે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગરબા સ્પર્ધાનું આયોજન દરરોજ સાંજે ૭.૩૦ થી રાત્રે ૧૦.૦૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ છે. આ ફુડ ફેસ્ટીવલનો ઉદ્દઘાટન સમારોહ તા.૨૧/૦૯/૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦ કલાકે અને સાંજે ૭.૩૦ કલાકે આરતી અને શાળા/સંસ્થાઓના ગરબા / વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ ફુડફેસ્ટીવલમાં વિવિધ વાનગીઓના સથવારે વૈવિધ્ય સભર સાંસ્કૃતિક કાર્યક્રમોને માંણવા શહેરની કલાપ્રિય જનતાને નિમંત્રણ છે. સ્પર્ધામાં ભાગ લેનાર અને રંગારંગ કાર્યક્રમ રજુ કરનાર શાળા/સંસ્થાઓએ સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી.

**:: સાંસ્કૃતિક કાર્યક્રમોની વિગત ::**

| ક્રમ | તારીખ / વાર | કાર્યક્રમની વિગત | સમય |
|---|---|---|---|
| ૧ | ૨૧/૦૯/૨૦૧૭ ગુરૂવાર | ઉદ્દઘાટન વિધિ અને આરતી<br>કલાશ્રી સંસ્થા / સર્વોદય વિદ્યાલય /<br>આર.એચ.કે.એફ.આઈ સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૬.૦૦ કલાકે |
| ૨ | ૨૨/૦૯/૨૦૧૭ શુક્રવાર | કલાસાગર સંસ્થા / શિવરંજની સંસ્થા /<br>જીવન ભારતી સંગીત વિદ્યાલય ઓડિસી ડાન્સ એકેડમીનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૩ | ૨૩/૦૯/૨૦૧૭ શનિવાર | આંતરશાળા ગરબા સ્પર્ધા અને સર્જનશ્રીસંસ્થાનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૪ | ૨૪/૦૯/૨૦૧૭ રવિવાર | નૃત્યમ નર્તન અકાદમી / સરગમ ડાન્સ એકેડમીનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૫ | ૨૫/૦૯/૨૦૧૭ સોમવાર | ટેપર્ઝ ડાન્સ એકેડમી / આર્ટ ઓફ હાર્ટ સંસ્થાનો રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૬ | ૨૬/૦૯/૨૦૧૭ મંગળવાર | અંધજન ઓરકેસ્ટ્રા | સાંજે ૭.૩૦ કલાકે |
| ૭ | ૨૭/૦૯/૨૦૧૭ બુધવાર | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના ગરબા | સાંજે ૭.૩૦ કલાકે |
| ૮ | ૨૮/૦૯/૨૦૧૭ ગુરૂવાર | શેરી ગરબા સ્પર્ધા | સાંજે ૭.૩૦ કલાકે |
| ૯ | ૨૯/૦૯/૨૦૧૭ શુક્રવાર | આંગીકમ સંસ્થા / નૃત્યમ ભરત નાટ્યમ એકેડમીનો<br>રંગારંગ કાર્યક્રમ | સાંજે ૭.૩૦ કલાકે |
| ૧૦ | ૩૦/૦૯/૨૦૧૭ શનિવાર | સૂરમય સંધ્યા | સાંજે ૭.૩૦ કલાકે |

## પ્રેસનોટ
## નવરાત્રી મેળા–૨૦૧૭

સરકારશ્રીની મહિલાઓના ઉત્થાન માટેની કટિબધ્ધતા ધ્યાને લઈ મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે નવરાત્રી પર્વ નિમિત્તે આ તહેવાર સંબંધિત ચીજ વસ્તુઓનું ઉત્પાદન તથા વેચાણ કરતી મહિલાઓ તથા મહિલા સંગઠનોને વેચાણ માટે સીધે–સીધુ બજાર મળી રહે, તેમજ મહિલાઓના રચાયેલ જુથોને આર્થિક ટેકો મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરના વિવિધ ૧૦ સ્થળોએ કુલ–૫૫ સ્ટોલ મારફતે મહિલા/મહિલા જુથો ધ્વારા ઉત્પાદિત/ વેચાણ થતી નવરાત્રી સંબંધિત ચીજ વસ્તુઓના વેચાણ માટે **તા.૧૯/૦૯/'૧૭ થી તા.૨૮/૦૯/'૧૭** સુધી નવરાત્રી મેળા–૨૦૧૭નું આયોજન કરવામાં આવેલ છે.

**તા.૧૯/૦૯/'૧૭** ના રોજ નવરાત્રી મેળા–૨૦૧૭નું ઉદ્‌ઘાટન સવારે ૧૦:૩૦ કલાકે પ્રાઈમ આર્કેડ, જોગાણીનગર પાસે, અડાજણ, સુરત ખાતે શ્રીમતી રૂપલબેન કે.શાહ-મા.અધ્યક્ષાશ્રી, સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ, સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે મા.અધ્યક્ષાશ્રી, સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવેલ કે, **"મહિલા સશકિતકરણ અંગેના પ્રયત્નોને વધુ વેગવાન બનાવવાના ભાગરૂપે સરકારશ્રી તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષ દરમ્યાન આયોજિત 'નવરાત્રી મેળા' થકી બહેનોને રોજગારી મળી રહે છે, આમ, નાની–મોટી પ્રવૃત્તિઓ ધ્વારા બહેનો આર્થિક રીતે પગભર થાય તે ધ્વારા પોતાના કુટુંબ માટે પણ આર્થિક ઉપાર્જનમાં ભાગ ભજવી શકે અને તેઓના જીવનસ્તરમાં વધુ સકારાત્મક પરિવર્તન આવી શકશે, તે માટે તેઓને વિવિધ સ્વરૂપે મદદરૂપ થવા સુરત મહાનગરપાલિકા હંમેશા કટ્ટિબધ્ધ છે".** અંતમાં તેઓએ સુરત શહેરની આમ જનતાને, **"આપના નજીકના વિસ્તારમાં આવેલ નવરાત્રી મેળાના સ્થળેથી નવરાત્રી સંબંધિત ચીજ વસ્તુઓની ખરીદી કરી મહિલા / મહિલા જુથોને પ્રોત્સાહિત કરવા અપીલ કરી હતી."**

### *–: વિવિધ વિસ્તારમાં આવેલ નવરાત્રી મેળાના સ્થળો :–*

- પ્રાઈમ આર્કેડ, જોગાણીનગર પાસે, અડાજણ, સુરત.
- શાકભાજી માર્કેટ, અમરોલી બ્રીજ, અમરોલી, સુરત
- શાકભાજી માર્કેટ, કંતારેશ્વર મંદિરની બાજુમાં, કતારગામ, સુરત શાકભાજી માર્કેટ, કંતારેશ્વર મંદિરની બાજુમાં, કતારગામ, સુરત
- સિંગણપોર શાકભાજી માર્કેટ પાસે, સિંગણપોર ચાર રસ્તા, સુરત
- મોર્ડન ટાઉની સામે શાકભાજી માર્કેટ, પરવટ પાટીયા, સુરત
- શાકભાજી માર્કેટ, ગુ.હા.બોર્ડ,પાર્ડેસરા,સુરત
- લાલદરવાજા શાકભાજી માર્કેટની સામે, બ્રીજની નીચે, લાલ દરવાજા, સુરત
- લેકવ્યુ ગાર્ડન પાસે, કારગીલ ચોક, પીપલોદ, સુરત
- નારી સરંક્ષણ ગૃહ, અંધજન શાળાની સામે ધોડદોડ રોડ, સુરત
- બરોડા પ્રેસ્ટીજ, વરાછા રોડ, વરાછા, સુરત

નવરાત્રી મેળા–૨૦૧૭ ના ઉદ્દઘાટન પ્રસંગે શ્રીમતી રૂપલબેન કે.શાહ- મા.અધ્યક્ષાશ્રી, સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ, મા.કમિશનરશ્રી- સુરત મહાનગરપાલિકા, શ્રી અનીલભાઈ એચ.બિસ્કીટવાલા- મા.અધ્યક્ષશ્રી, આરોગ્ય સમિતિ, શ્રીમતી રમીલાબેન પટેલ– મા.અધ્યક્ષાશ્રી, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ, શ્રી મુકેશભાઈ દલાલ- મ્યુ.સદસ્યશ્રી, શ્રી પ્રવીણભાઈ પટેલ- મ્યુ.સદસ્યશ્રી, શ્રીમતી મીતાબેન પટેલ- મ્યુ.સદસ્યશ્રી, શ્રીમતી ઉષાબેન પટેલ- મ્યુ.સદસ્યશ્રી, શ્રીમતી વૈશાલીબેન શાહ- મ્યુ.સદસ્યશ્રી, શ્રીમતી ઉજ્વલાબેન નીકમ - મ્યુ.સદસ્યશ્રી, યુસીડી વિભાગના વિભાગીય વડા આસી.કમિશ્નરશ્રી, શ્રીમતી ગાયત્રીબેન જરીવાલા વિગેરે હાજર રહયા હતા.



તા.૧૯/૦૯/૨૦૧૭ ના રોજ રાંદેર ઝોન પ્રાઈમ આર્કેટ,જોગાણી નગર પાસે,અડાજણ,સુરત ખાતે સવારે ૧૦:૩૦ કલાકે નગરાત્રી મેળા–૨૦૧૭નું દીપ પ્રાગ્ટય કરી ઉદઘાટન કરતા સમાજ કલ્યાણ,આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના માન.અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ,આરોગ્ય સમિતિના માન.અધ્યક્ષ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા તથા માન.કમિશનરશ્રી એમ.થેન્નારસન તથા કોર્પોરેટરો વિગેરે દશ્યમાન છે.

૫૪૩

**પ્રેસનોટ**

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ અને એન્જીનીરીંગ વિભાગ દ્વારા 'ઓર્ગેનિક કન્વર્ટર મશીન બાબત અખબારી યાદીઃ–**

ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગના સોલીડ વેસ્ટ રૂલ્સ ૨૦૧૬ તેમજ ગુજરાત સરકારના અને વન પર્યાવરણ વિભાગની સ્ટેટલેવલ એનવાર્યરમેન્ટ ઈમ્પેકટ અસેસમેન્ટ ઓથોરીટી (SEIAA) દ્વારા ૨૦૦૦૦ ચો.મી.થી વધુ ક્ષેત્રફળવાળી રહેણાંક સોસાયટીઓમાં બાંધકામ પૂર્વે મંજુરી આપતી વખતે પર્યાવરણીય મંજુરી (એરવાર્યમેન્ટ કલીયરન્સ ) મેળવવાનું રહે છે અને પર્યાવરણની જાળવણી માટે સોસાયટીના ઓર્ગેનિક વેસ્ટનો ઓનસાઈટ ઓર્ગેનીક વેસ્ટ કન્વર્ટર મશીનમાં વૈજ્ઞાનિક ઢબે કચરોનો નિકાલ કરવાનો રહે છે.

આ વ્યવસ્થા ઉભી કરવાના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ખાતે કુલ ૩૦ જેટલી આવી ૨૦૦૦૦ ચો.મી. થી મોટી સોસાયટીઓ પૈકી બે સોસાયટી (૧) વાસ્તુગ્રામ રેસીડન્સી, વેસુ તથા (૨) વોટર હીલ્સ રેસીડન્સી દ્વારા ઓ.ડબ્લ્યુ.સી. મશીન ન લગાડેલ હોવાથી વોટર હીલ્સ રેસીડન્સીનું પાણી પરુવઠો બંધ કરવામાં આવેલ છે. તેમજ વાસ્તુગ્રામ રેસીડન્સી, વેસુના પ્રમુખ પાસે ૦૧ અઠવાડીયામાં ઓ.ડબ્લ્યુ.સી. મશીન લગાડવા બાંહધરી આપવામાં આવેલ છે. જેને સીકયોરીટી પેટે લખાણ લઈ અઠવાડીયાની મુદ્દતબાદ કાર્યવાહી ન થયે વહીવટી ખર્ચ વસુલાત ભોગવીને પણ મશીન લગાડવાની માંગણી કરેલ છે. આગામી દિવસોમાં આ કામગીરી વધુ ધનિષ્ઠ રીતે કરવામાં આવનાર છે. તમામ વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી માટે પ્રસારણ કરવા વિનંતી.

# <u>પ્રેસનોટ</u>

## <u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી) ફા.પ્લોટ નં.૧૧૯/એ, બાપા સીતારામ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, બમરોલી, સુરતવાળી મિલ્કતમાં માર્જીનના ભાગમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના આર.સી.સી.બાંધકામ કરતા અત્રેથી સદરહું મિલ્કતના મિલ્કતદારોને સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર કરેલ બાંધકામ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા **આજ તા.૧૯/૦૯/૨૦૧૭** ના રોજ આશરે ૧૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.બાંધકામનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે ૧,૭૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–

સાઉથ ઝોન(ઉધના)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના)ના સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી) ફા.પ્લોટ નં.૧૧૯/એ, બાપા સીતારામ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, બમરોલી, સુરતવાળી મિલ્કતમાં માર્જીનના ભાગમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના આર.સી.સી.બાંધકામ કરતા અત્રેથી સદરહું મિલ્કતના મિલ્કતદારોને સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના સ્થળ પર કરેલ બાંધકામ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા આજ **તા.૧૯/૦૯/૨૦૧૭** ના રોજ આશરે ૧૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી.બાંધકામનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે ૧,૭૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>
સમાચાર યાદી નં. 0544<br>
તા.૧૯/૦૯/૨૦૧૭ 20

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૯/૨૦૧૭ના રોજ બી.આર.ટી.એસ. – ફેઝ – ૨ હેઠળ ઉત્કલનગર અને અશ્વિનીકુમારને જોડતાં રેલ્વે ઓવરબ્રિજની લોકાર્પણવિધિ આજરોજ સવારે ૧૦:૦૦ કલાકે શ્રી નાનુભાઇ વાનાણી માન.મંત્રી રાજ્યકક્ષા જળસંપત્તિ(સ્વતંત્ર હવાલો) પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, ગુજરાત રાજ્યના વરદ્હસ્તે કરવામાં આવેલ.

આ બ્રિજના લોકાર્પણથી કતારગામ અને વરાછા વિસ્તારમાં વસવાટ કરતા શહેરીજનોને ટ્રાન્સપોર્ટેશનની નવી સુવિધા ઉપલબ્ધ થયેલ છે અને ટ્રાફિકની સમસ્યા હલ થશે. બ્રિજ રૂા.૩૬.૫૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે.

આ લોકાર્પણ પ્રસંગે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, માન.સાસંદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, માન.ધારાસભ્ય શ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાળા), માન.ડે.મેયર શ્રીશંકરલાલ ચેવલી, માન.અધ્યક્ષ, સ્થાયી સમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતા, શાસક પક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, વિવિધ સમિતિના માન. ચેરમેનશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.અધિકારી તથા કર્મચારીગણ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પ્રેસનોટ નં. 0546
તા.૨૧/૦૯/૨૦૧૭
જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા





સુરત મહાનગરપાલિકા
નેચરપાર્ક એન્ડ ઝુ
સરથાણા

# પ્રેસનોટ

**<u>પ્રાણી સંગ્રહાલય ખાતે ૨ જી ઓકટોબર થી ૮ મી ઓકટોબર દરમ્યાન "વન્ય પ્રાણી સપ્તાહ" ની થનાર ઉજવણી.</u>**

• સુરત મહાનગરપાલિકા, નેચરપાર્ક/પ્રાણી સંગ્રહાલય ખાતે પ્રકૃતિનાં સંવર્ધન અને સંરક્ષણ, વન્યજીવ, પ્રાણી–પક્ષીઓ પ્રત્યે લાગણી, બચાવ, રાખ–રખાવ માટે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ જનજાગૃતિ માટે ૨ જી અકટોબર થી ૮ મી ઓકટોબર દરમ્યાન <u>"વન્યપ્રાણી સપ્તાહ" ની ઉજવણી કરનાર છે.</u>

આ અઠવાડિયાને સફળ બનાવવા સુરત મહાનગરપાલિકાએ શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કલ્પનાઓને બદલે વન્ય જીવન વિશેની પ્રત્યક્ષ સાચી વૈજ્ઞાનિક જાણકારી મેળવવા અને તેમનામાં શૈક્ષણિક જાગૃતિ લાવવા ઉપરાંત તેમની જિજ્ઞાસાવૃત્તિ કેળવવા માટે <u>૧૨(બાર) વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકોને પ્રાણી સંગ્રહાલયમાં વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે જે પ્રાણીસંગ્રહાલય ખાતાના ઝુ સુપ્રિટેન્ડન્ટ ડો.પ્રફુલ મહેતા તેમની અખબાર યાદીમાં જણાવે છે.</u>

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 0547
તા. ૨૧ /૦૯/૨૦૧૭

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા નવરાત્રી પર્વોત્સવ નિમિત્તે અઠવા ઝોનમાં કૃષ્ણકુંજ મ્યુનિસિપલ પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે તા.૨૧/૦૯/૨૦૧૭ થી તા.૩૦/૦૯/૨૦૧૭ સુધી ફૂડ ફેસ્ટીવલ તથા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.આજ રોજ સાંજે ૦૬:૦૦ કલાકે માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ સ્થાને માન.અધ્યક્ષા સમાજ કલ્યાણ,આંનદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી રૂપલબેન શાહ,માન.અધ્યક્ષ આરોગ્ય સમિતિ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલાના વરદ્દહસ્તે ઉદ્દ્ઘાટન કરવામાં આવેલ તથા આરતી કરી સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ

ફુડ ફેસ્ટીવલના ૮૨ સ્ટોલનો શુભારંભ કરાવ્યો હતો  દરરોજ  સાંજે ૬.૩૦ કલાક થી રાત્રે ૧૧.૦૦ કલાક દરમ્યાન તથા  વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમનો સમય સાંજે ૦૭.૩૦ થી રાત્રે ૦૯.૩૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. જેનો જાહેર જનતાએ લાભ લેવા વિનંતી.આ કાર્યક્રમમાં માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ,કોર્પોરેટરશ્રીઓ,પ્રેસ,મિડીયા તથા મોટી સંખ્યામાં જાહેર જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો







૫૪૯

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૫/૦૯/૨૦૧૭ થી તા.૨૧/૦૯/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૪૧૭૧ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૨૯ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૨૦ |
| ૪ | મેજર ઓપરેશન | ૩ |
| ૫ | માયનોર ઓપરેશન | ૪૦ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૨૨ |

# :: પ્રેસનોટ ::

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૧૦/૨૦૧૭ના રોજ પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે આયોજીત ભજન સ્પર્ધામાં ભાગ લેવા બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૧૦/૨૦૧૭ને બુધવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ભજન સ્પર્ધાનું આયોજન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ ભજન સ્પર્ધામાં સુરત શહેરમાં આવેલ સંસ્થાઓના **૩૦ વર્ષથી વધુ વયના** ભાઈઓ–બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **પ્રવેશપત્રો તા.૨૯/૦૯/૨૦૧૭** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશફોર્મની વિગત મળી શકશે.

**Surat Smart City**

**# OpenGovDataHack**

**SVNIT, Surat**

**23th and 24th September 2017**

**પ્રેસનોટ**

સ્માર્ટ સીટી મિશન પ્રોગ્રામ અંતર્ગત સમગ્ર ભારત દેશમાં સુરત શહેરની પસંદગી ચોથા ક્રમે થયેલ છે તથા સુરત શહેરમાં નક્કી કરેલ વિસ્તારમાં વિવિધ સેવાઓને લગતા સ્માર્ટ પ્રોજેક્ટ્સ સ્થાપિત કરવાની પહેલ કરવામાં આવેલ છે. શહેરીજનોને પૂરી પાડવામાં આવતી સેવાઓ વધુ સરળ, સ્માર્ટ તથા ઝડપી બની રહે તે માટે આ મિશન અંતર્ગત વધુ ને વધુ સ્માર્ટ સોલ્યુશન શોધી શકાય તે ઉદ્દેશથી ખાસ કરીને આજની યુવા પેઢી, કોંપ્યુટર પ્રોગ્રામર્સ, સોફ્ટવેર પ્રોફેશનલ્સ, વિગેરેને સાંકળીને તા.૨૩ અને ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૭નાં રોજ "Open Gov Data Hack" આધારિત ૨૪ કલાક રીતે નિરંતર રીતે ચાલે તે પ્રમાણે હેકેથોન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. રાષ્ટ્રીય કક્ષાની હેકેથોનની આ સ્પર્ધા ભારતનાં વિવિધ કુલ સાત (૭) શહેરો જેવા કે ભુવનેશ્વર, પટના, હૈદરાબાદ, ચેન્નાઈ, જયપુર, દિલ્લી તથા સુરત ખાતે યોજવાનું નક્કી કરવામાં આવેલ જે પૈકી હાલમાં પ્રથમ સુરત ખાતે હેકેથોનની સ્પર્ધા આયોજન કરવામાં આવી.

હેકેથોનની આ સ્પર્ધા નેશનલ ઇન્ફોર્મેટીકસ સેન્ટર, ગાંધીનગર, સુરત મહાનગરપાલિકા, સુરત સ્માર્ટ સીટી ડેવેલોપમેન્ટ લી.,તથા ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઇન્ડિયા નાં સંયુક્ત પ્રયાસથી આયોજીત કરવામાં આવેલ તથા હેકેથોનની સ્પર્ધાનાં વેન્યુ પાર્ટનર તરીકે Sardar Vallabhbhai National Institute of Technology, Surat દ્વારા કરવામાં આવેલ. હેકેથોન સ્પર્ધા યોજવા પૂર્વે તા.૧૫-૦૯-૨૦૧૭ના રોજ Pri-Hackathon Brain Storming Session આયોજિત કરી સ્પર્ધામાં ભાગલેનારોને હેકેથોન વિશે માહિતગાર કરવામાં આવેલ.

આયોજિત કરેલ હેકેથોન સ્પર્ધામાં મુખ્ય વિષય તરીકે પાણી, ગટર વ્યવસ્થા, ટ્રાન્સપોર્ટેશન, શિક્ષણ, આરોગ્ય, ક્રાઈમ વિગેરે નક્કી કરવામાં આવેલ તથા વિષય આધારિત ડેટા ભારત સરકારશ્રીનું ઓપન ડેટા પોર્ટલ અને સુરત મહાનગરપાલિકા સંચાલિત સુરત ઓપન ડેટા ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવેલ. તા.૨૩-૨૪ સપ્ટેમ્બર ૨૦૧૭નાં રોજ આયોજિત હેકેથોનની સ્પર્ધા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન અંતર્ગત કુલ ૨૪૫ જેટલા નામાંકન પ્રાપ્ત થયેલ જે પૈકી સ્પર્ધાના દિવસે કુલ ૧૫૫ સ્પર્ધકો મળી કુલ ૪૧ ટીમ દ્વારા ભાગ લીધેલ. ભાગ લીધેલ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ તથા બિન-શૈક્ષણિક સંસ્થાઓ નીચે મુજબ છે.

- IIT, Kharagpur

- Sardar Vallabhbhai National Institute of Technology, Surat
- Sarvajanik College of Engineering and Technology, Surat
- C.K.Pithawala Institute of Technology, Surat
- J.P.Dawar Institute of information and Technology,
- Pacific School of Engineering, Surat
- ICT, Ganpat University,
- Infusion Infotech
- Siya Soft
- Bhavati System

તા.૨૩-૨૪ મળીને ૨૪ કલાક ચાલનાર હેકેથોન સ્પર્ધામાં તા.૨૩સપ્ટેમ્બરનાં રોજ કાર્યક્રમનાં ઓપનીંગમાં કાર્યક્રમનાં મુખ્ય અતિથિવિશેષ અને સ્પીકર્સ તરીકે સુરત મહાનગરપાલિકાના મેં.કમિશ્નરશ્રી – એમ.ઠેન્નારાસન તરફથી સુરત શહેર ભારત ભરમાં ચોથા સૌથી ઝડપથી વિકસી રહેલ શહેર છે જે હીરા ઉદ્યોગમાં તથા ટેકસટાઇલ સેક્ટરમાં નામ ધરાવતું શહેર છે તે પ્રમાણે ટુકમાં ચિતાર રજુ કરેલ. ઉપરાંત, સુરત મહાનગરપાલિકા સંચાલિત વિવિધ સેવાઓ માટે કાર્યરત એપ્લીકેશન જેવી કે, ITMS, AFCS, બી.આર.ટી.એસ. સર્વિસ, વોટર સપ્લાય તથા ડ્રેનેજ સીસ્ટમમાં કાર્યરત સ્કડા અને ઓટોમેશન સીસ્ટમ તથા સુરત મહાનગરપાલિકાનાં ઈ-ગવર્નન્સ હેઠળ નાગરીકોની સુખાકારી માટેની પ્રોપર્ટી, સીટીલીંક વિગેરે વિગેરે બાબતમાં ટુકમાં સમજ આપેલ. ઉપરાંત, સ્પર્ધામાં ભાગ લેનાર વિવિધ સ્પર્ધકોમાં ખાસ કરીને કોલેજના વિદ્યાર્થીઓને જુસ્સાભેર ભાગ લે તે બાબતની સમજ આપવામાં આવી હતી.

ડે.કમિશ્નરશ્રી અને સી.ઈ.ઓ.સ્માર્ટ સીટી – શ્રી એમ.નાગરાજન તથા એસ.વી.એન.આઈ.ટી.સુરતનાં સિવિલ વિભાગના હેડ ઓફ ડીપાર્ટમેન્ટ ડો.આર.એ.ક્રિશ્નન ઉપસ્થિત રહ્યા હતા જેઓ દ્વારા સુરત ઓપન ડેટા, સુરત મહાનગરપાલિકા સંચાલિત વેબસાઈટ અને એપ્લીકેશન બાબતમાં સમજ આપવામાં આવી તથા કોલેજના વિદ્યાર્થીઓને અમલમાં મૂકી શકાય તે પ્રમાણેના નવા વિચારો, નવી સીસ્ટમ ડેવેલોપ કરી શકાય તે માટેની સમજ આપવામાં આવી હતી. વધુમાં, નેશનલ ઇન્ફોર્મેટીકસ સેન્ટર, ગાંધીનગર તરફથી હાજર રહેલ સીનીયર ટેકનીકલ પ્રોજેક્ટ મેનેજર શ્રી અખિલેશ શ્રીવાત્સવ દ્વારા સ્પર્ધાના નિયમો, ઓપન ડેટા વિગેરે બાબતમાં માહિતી આપવામાં આવી.

વિષય આધારિત વિવિધ પ્રશ્નો તથા તેને હલ કરવાના ઉપાયો પૈકી શહેરીજનોની સુખાકારી અને સેવાઓ માટેની સરળતા આધારિત સોલ્યુશનની પસંદગી માટે જ્યુરી નિયુક્ત કરવામાં આવેલ જેમાં મીતા પરીખ – હેડ ઓફ ડીપાર્ટમેન્ટ – આઈ.ટી., સાર્વજનિક કોલેજ ઓફ ટેકનોલોજી, શ્રી કેયુર રાણા – હેડ ઓફ ડીપાર્ટમેન્ટ – કોમ્પ્યુટર વિભાગ, સાર્વજનિક કોલેજ ઓફ ટેકનોલોજી તથા શ્રી તેજસ પટેલ – ફાઉન્ડર – Strategic Alliance

પ્રો.આનંદ દરજી – ઇલેક્ટ્રોનિકસ વિભાગ એસ.વી.એન.આઈ.ટી., તથા શ્રી જીગર પટેલ – આઈ.એસ.ડી.વિભાગ, સુરત મહાનગરપાલિકા ની સંયુક્ત ટીમ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

સુરત ખાતે આયોજિત હેકેથોનની સ્પર્ધામાં વિજેતા રેહનારને જે તે વિષય આધારિત સોલ્યુશનને આગળ વધારવા સહાય આપવામાં આવશે તથા આગામી બે માસ સુધી જરૂરી સહાય કરવામાં આવશે. નક્કી કરેલ આ સાત શહેરોમાં યોજાનાર હેકેથોન સ્પર્ધાના વિજેતાઓને સામેલ કરી આગામી જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૧૮ દરમ્યાન દિલ્લી ખાતે સ્પર્ધા કરવામાં આવશે જેના વિજેતાઓને રૂ.૨.૦ લાખનાં ઇનામો સહીત નેશનલ લેવલે આગવી ઓળખ ઉભી થશે.






DATA
HACK




Surat
Municipal
Corporation
IAMAI
Pre-hackathon



# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉગત ગામતળના વિકાસની લોકાર્પણવિધિ શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા,માન.મંત્રી,મહેસુલ,શિક્ષણ,ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત રાજયના વરદહસ્તે તથા માનનીય મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ સ્થાને ઉગત ગામતળ,ઉગત,સુરત ખાતે સંપન્ન થયેલ.

આ પ્રસંગે માન.સંસદીય સચિવ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ,ગુજરાત રાજય શ્રી પુર્ણેશભાઈ મોદીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે ઉગતગામમાં વિકાસના કામ કરી ગામની કાયાપલટ કરવામાં આવેલ છે આદર્શ ગામ બનાવવામાં આવેલ છે.

આ પ્રસંગે ઉપસ્થિત માન.મંત્રી,મહેસુલ,શિક્ષણ,ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત રાજય શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને મોમેન્ટો અને બુકે આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ બુકે આપી સ્વાગત કરેલ.

મુખ્યમંત્રી રેલ રાહત ફંડમાં કલ્યાણનગર સોસાયટી,ગંગાનગર સોસાયટી વિભાગ–૧,ગંગાનગર સોસાયટી વિભાગ–૨, રવજીનગર સોસાયટી.પુષ્પકુંજ નગર સોસાયટી, ભગવાનનગર સોસાયટી,હરીદર્શન સોસાયટીઓએ રૂા.૩૭,૧૫૧/– નો ફાળો આપેલ છે.

નિશાબેન રાઠોડ ધ્વારા ઉગત ગામના વિકાસ કાર્યોની માહિતી આપી હતી તેમણે જણાવ્યું હતુ કે માન.સંસદીય સચિવ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ,ગુજરાત રાજય શ્રી પુર્ણેશભાઈ મોદીના સહયોગથી આ ગામનું નવીનીકરણ કરવામાં આવેલ અને ઉગતગામને એક આદર્શ ગામ બનાવવામાં આવેલ છે.

માન.મંત્રી,મહેસુલ,શિક્ષણ,ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત રાજય શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા અન્ય મંચસ્થ મહાનુભાવો ધ્વારા તકતીની અનાવરણવિધિ કરવામાં આવેલ છે.

માન.મંત્રી,મહેસુલ,શિક્ષણ,ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત રાજય શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાના ઉદબોધનમાં છેલ્લા ૨૦ વર્ષમાં સુરત શહેરને સમગ્ર દેશમાં તથા આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વ આપવાનું કામ વહીવટી તંત્રએ કરેલ છે.તે બદલ આભાર વ્યકત કરેલ

માન.વડાપ્રધાનશ્રી દ્વારા ઓલ ઈન્ડીયા રેડીયો પર સંબોધિત "મન કી બાત " કાર્યક્રમનું ઓડીયો પ્રસારણ કરવામાં આવેલ મંચસ્થ મહાનુભવો તથા જાહેરજનતાએ સાંભળી લાભ લીધો હતો.

સંસદીય સચિવ શ્રી પુર્ણેશભાઈ મોદીના સંસદીય સચિવ તરીકેના ૧ વર્ષમાં મહત્વના કામોની વિકાસ પુસ્તિકાનું વિમોચન માન.મંત્રી,મહેસુલ,શિક્ષણ,ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ,વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત રાજય શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના વરદહસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, માન.ડે.મેયર શ્રી શંકરલાલ ચેવલી,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ,કર્મચારીશ્રીઓ તથા ખુબ મોટી સંખ્યામાં જાહેર જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.૫૫૨,

તા.૨૪/૦૯/૨૦૧૭




સુરત મહાનગરપાલિકા
શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા,
હાર્દિક સ્વાગત કરે છે.




સુરત મહાનગરપાલિકા
શ્રી ભુપેન્દ્રસિંહ ચુડા
હાર્દિક સ્વાગત કરે છે.

**Surat Smart City**

**# OpenGovDataHack**

**SVNIT, Surat**

**24th September 2017**

**પ્રેસનોટ**

સ્માર્ટ સીટી મિશન પ્રોગ્રામ અંતર્ગત સમગ્ર ભારત દેશમાં સુરત શહેરની પસંદગી ચોથા ક્રમે થયેલ છે તથા સુરત શહેરમાં નક્કી કરેલ વિસ્તારમાં વિવિધ સેવાઓને લગતા સ્માર્ટ પ્રોજેક્ટ્સ સ્થાપિત કરવાની પહેલ કરવામાં આવેલ છે. શહેરીજનોને પૂરી પાડવામાં આવતી સેવાઓ વધુ સરળ, સ્માર્ટ તથા ઝડપી બની રહે તે માટે આ મિશન અંતર્ગત વધુ ને વધુ સ્માર્ટ સોલ્યુશન શોધી શકાય તે ઉદ્દેશથી ખાસ કરીને આજની યુવા પેઢી, કોમ્પ્યુટર પ્રોગ્રામર્સ, સોફ્ટવેર પ્રોફેશનલ્સ, વિગેરેને સાંકળીને તા.૨૩ અને ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૭નાં રોજ "Open Gov Data Hack" આધારિત ૨૪ કલાક રીતે નિરંતર રીતે ચાલે તે પ્રમાણે હેકેથોન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. હેકેથોન સ્પર્ધાનાં ઉદ્દેશ તરીકે નાગરીકોની સુવિધાઓ અને સુખાકારી વધે તે પ્રમાણે પ્રશ્નોનું નિરાકરણ, મોબાઈલ એપ્લીકેશન ડેવેલોપ કરવાનું, ઇન્ફોગ્રાફિક્સ ડીઝાઈન કરવાનું તથા સરકારશ્રી તરફથી ઉપલબ્ધ ઓપન ડેટાનો ઉપયોગ કરવા વિગેરે રાખવામાં આવેલ. રાષ્ટ્રીય કક્ષાની હેકેથોનની આ સ્પર્ધા ભારતનાં વિવિધ કુલ સાત (૭) શહેરો જેવા કે ભુવનેશ્વર, પટના, હૈદરાબાદ, ચેન્નાઈ, જયપુર, દિલ્લી તથા સુરત ખાતે યોજવાનું નક્કી કરવામાં આવેલ જે પૈકી હાલમાં પ્રથમ સુરત ખાતે હેકેથોનની સ્પર્ધા આયોજન કરવામાં આવી.

હેકેથોનની આ સ્પર્ધા નેશનલ ઇન્ફોર્મેટીકસ સેન્ટર-નવી દિલ્લી, સુરત મહાનગરપાલિકા, સુરત સ્માર્ટ સીટી ડેવેલોપમેન્ટ લી. તથા ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઇન્ડિયા નાં સંયુક્ત પ્રયાસથી આયોજીત કરવામાં આવેલ તથા હેકેથોનની સ્પર્ધાનાં વેન્યુ પાર્ટનર તરીકે Sardar Vallabhbhai National Institute of Technology, Surat દ્વારા કરવામાં આવેલ. હેકેથોન સ્પર્ધા યોજવા પૂર્વે તા.૧૫-૦૯-૨૦૧૭ના રોજ Pre-Hackathon Brain Storming Session આયોજિત કરી સ્પર્ધામાં ભાગલેનારોને હેકેથોન વિશે માહિતગાર કરવામાં આવેલ.

આયોજિત કરેલ હેકેથોન સ્પર્ધામાં

- મુખ્ય વિષય તરીકે પાણી, ગટર વ્યવસ્થા, ટ્રાન્સપોર્ટેશન, શિક્ષણ, આરોગ્ય, ક્રાઈમ વિગેરે નક્કી કરવામાં આવેલ તથા
- વિષય આધારિત ડેટા ભારત સરકારશ્રીનું ઓપન ડેટા પોર્ટલ અને સુરત મહાનગરપાલિકા સંચાલિત સુરત ઓપન ડેટા ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવેલ.
- હેકેથોનની સ્પર્ધામાં ભાગ લેનારોએ મોબાઈલ એપ્લીકેશન તથા ઇન્ફો ગ્રાફિક્સ ડીઝાઈન કરવા જણાવેલ.

- સ્પર્ધામાં પાર્ટનર તરીકે ભારત સરકારશ્રી તરફથી National Informatics Centre (NIC), data.gov.in, Startup India, ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઇન્ડિયા, વેન્યુ પાર્ટનર તરીકે SVNIT, Surat તથા Outrich Partner તરીકે eChai જેવી સંસ્થાઓ જોડાયેલ
- તા.૨૩-૨૪ સપ્ટેમ્બર ૨૦૧૭નાં રોજ આયોજિત હેકેથોનની સ્પર્ધા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન અંતર્ગત કુલ ૨૪૫ જેટલા નામાંકન પ્રાપ્ત થયેલ જે પૈકી સ્પર્ધાના દિવસે કુલ ૧૫૫ સ્પર્ધકો મળી કુલ ૪૧ ટીમ દ્વારા ભાગ લીધેલ.

તા.૨૩-૨૪ મળીને ૨૪ કલાક ચાલનાર હેકેથોન સ્પર્ધામાં તા.૨૩સપ્ટેમ્બરનાં રોજ કાર્યક્રમનાં ઓપનીંગમાં કાર્યક્રમનાં મુખ્ય અતિથિવિશેષ અને સ્પીકર્સ તરીકે સુરત મહાનગરપાલિકાના મેં.કમિશ્નરશ્રી – એમ.થેન્નારાસન દ્વારા સુરત મહાનગરપાલિકા સંચાલિત વિવિધ સેવાઓ માટે કાર્યરત એપ્લીકેશન જેવી કે, ITMS, AFCS, બી.આર.ટી.એસ. સર્વિસ, વોટર સપ્લાય તથા ડ્રેનેજ સીસ્ટમમાં કાર્યરત સ્કાડા અને ઓટોમેશન સીસ્ટમ તથા સુરત મહાનગરપાલિકાનાં ઈ-ગવર્નન્સ હેઠળ નાગરીકોની સુખાકારી માટેની પ્રોપર્ટી, સીટીલીંક વિગેરે બાબતમાં સમજ આપેલ.

ડે.કમિશ્નરશ્રી અને સી.ઈ.ઓ.સ્માર્ટ સીટી – શ્રી એમ.નાગરાજન IAS કે જેઓ ચીફ ડેટા ઓફિસર તરીકે પણ કામગીરી સંભાળે છે તેમના બહોળા અનુભવને આધારે સ્માર્ટ સીટી અંતર્ગતનાં વિવિધ Initiatives પૈકીનું એક Initiative હેકેથોન સ્પર્ધા આયોજિત કરવાનું છે તથા હેકેથોન સ્પર્ધા માટે ભારત સરકારશ્રી ની સંસ્થા – National Informatics Centre, New Delhi સાથે જરૂરી સંકલન કરી, સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ છે. વધુમાં, તેઓશ્રી દ્વારા હેકેથોનની સ્પર્ધા માટે ભારત સરકારશ્રી તરફથી કાર્યરત ઓપન ડેટા પ્લેટફોર્મ, સુરત મહાનગરપાલિકા સંચાલિત વેબસાઈટ, ઓપન ડેટા પ્લેટફોર્મ અને એપ્લીકેશન બાબતમાં તથા કોલેજના વિદ્યાર્થીઓને અમલમાં મૂકી શકાય તે પ્રમાણેના નવા વિચારો, નવી સીસ્ટમ ડેવેલોપ કરી શકાય તે માટેની તેમણે સમજ આપી હતી. વધુમાં તેઓ દ્વારા હેકેથોન સ્પર્ધા દરમ્યાન પણ પ્રોત્સાહન આપવા તથા જરૂરી માર્ગદર્શન આપવા ઉપસ્થિત તમામ ટીમોને માર્ગદર્શન આપ્યું હતું.

હેકેથોન સ્પર્ધામાં ભાગ લેનાર વિવિધ શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સંસ્થાઓ

- IIT, Kharagpur
- Sardar Vallabhbhai National Institute of Technology, Surat
- Sarvajanik College of Engineering and Technology, Surat
- C.K.Pithawala Institute of Technology, Surat
- J.P.Dawar Institute of information and Technology,
- Pacific School of Engineering, Surat
- ICT, Ganpat University,
- SmartCity.im - Avinashi Ventures
- Infusion Infotech
- Siya Soft
- Bhavati System

વિષય આધારિત વિવિધ પ્રશ્નો તથા તેને હલ કરવાના ઉપાયો પૈકી શહેરીજનોની સુખાકારી અને સેવાઓ માટેની સરળતા આધારિત સોલ્યુશનની પસંદગી માટે જ્યુરી નિયુક્ત કરવામાં આવેલ જેમાં મીતા પરીખ – હેડ ઓફ ડીપાર્ટમેન્ટ – આઈ.ટી., સાર્વજનિક કોલેજ ઓફ ટેકનોલોજી, શ્રી કેયુર રાણા – હેડ ઓફ ડીપાર્ટમેન્ટ –કોમ્પ્યુટર વિભાગ, સાર્વજનિક કોલેજ ઓફ ટેકનોલોજી તથા શ્રી તેજસ પટેલ – ફાઉન્ડર – Strategic Alliance પ્રો.આનંદ દરજી-એસ.વી.એન.આઈ.ટી., તથા શ્રી જીગર પટેલ – આઈ.એસ.ડી.વિભાગ, સુરત મહાનગરપાલિકા ની સંયુક્ત ટીમ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

સ્પર્ધાનાં અંતિમ ચરણનાં ભાગ રૂપે Closing Ceremonyમાં માન.ડે.મેયરશ્રી – શ્રી શંકરભાઈ ચેવલી, સ્થાયી સમિતિ ચેરમેનશ્રી – શ્રી રાજેશભાઈ દેસાઈ તથા મેં.કમિશ્નરશ્રી તથા ચેરમેનશ્રી સ્માર્ટ સીટી ડેવેલોપમેન્ટ લી. – શ્રી એમ.થેન્નારાસન IAS અને ડે.કમિશ્નરશ્રી તથા સી.ઈ.ઓ.સ્માર્ટ સીટી – શ્રી એમ.નાગરાજન IAS ઉપસ્થિત રહ્યા હતા જેઓ દ્વારા સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ટીમો દ્વારા રજુ કરાયેલ પ્રોજેક્ટનું મુલ્યાંકન કરવા માટે તમામ જ્યુરી સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. વધુમાં સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ, પ્રોફેશનલ્સ, એજેન્સીઓ કે જેઓ દ્વારા ૨૪ કલાક રીતે લગાતાર વિના આરામ કર્યે પ્રોજેક્ટ બનાવવવા પાછળ કરવામાં આવેલ પ્રયાસ માટે અભિનંદન પાઠવવામાં આવેલ.

૨૪ કલાક રીતે નિરંતર રીતે ચાલેલ હેકેથોન સ્પર્ધામાં વિજેતા રહેલ ટીમો નીચે મુજબ રહી હતી.

**Student Category - Info Graphics:**

**Winner:** Mr. Raj Sutariya & his team
**Subject:** Crime in India - An Overview

**Student Category - Develop Mobile App**

**Winner:** Ms. Divyani Mittal & her team
**Subject:** Garbo

**Runners Up:** Mr. Praful Solanki & his team
**Subject:** Life Source

**Start Up Professional Category - Info Graphics:**

**Winner:** Mr. Ashvin Savani & his team
**Subject:** SmartCity.im

**Start Up Professional - Develop Mobile App**

**Winner:** Mr. Yash Nainsukha & his team
**Subject:** YOGO

**Runners Up:** Mr. Sahil Baviskar & His Team
**Subject:** Digital Citizen

સુરત ખાતે આયોજિત હેકેથોનની સ્પર્ધામાં વિજેતા રેહનારને જે તે વિષય આધારિત સોલ્યુશનને આગળ વધારવા સહાય આપવામાં આવશે તથા આગામી બે માસ સુધી જરૂરી સહાય કરવામાં આવશે. નક્કી કરેલ આ સાત શહેરોમાં યોજાનાર હેકેથોન સ્પર્ધાના વિજેતાઓને સામેલ કરી આગામી જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૧૮ દરમ્યાન દિલ્લી ખાતે સ્પર્ધા કરવામાં આવશે જેના વિજેતાઓને રૂ.૨.૦ લાખનાં ઇનામો સહીત નેશનલ લેવલે આગવી ઓળખ ઉભી થશે.




NATIONAL INFORMATICS CENTRE
Surat Municipal Corporation
IAMAI
#OpenGovDataHack
OPEN


NATIONAL INFORMATICS CENTRE
Surat Municipal Corporation
IAMAI








AUTOMATED
NIC
IAMAI
OPEN
GOV
Surat